તંત્રીશ્રીની કલમે

પ્રિયંકા ગાંધીએ સિદ્ધુને લખ્યો પત્ર, જેલથી બહાર આવતા જ સિદ્ધુને મળશે મોટી જવાબદારી?!..

પંજાબ કોંગ્રેસના વરિષ્ઠ નેતા નવજોત સિંહ સિદ્ધુ રોડ રેજ કેસમાં સજા કાપી રહ્યા છે. ઘણા રાજકીય નિષ્ણાતોએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ હાઈકમાન્ડ તેમને એક વર્ષમાં ભૂલી જશે, પરંતુ એવું થયું નહીં. હવે પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ સિદ્ધુને પત્ર લખ્યો છે. આ પત્રમાં શું હતું તે જાણી શકાયું નથી, પરંતુ પંજાબના રાજકીય વર્તુળોમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છેકે જેલમાંથી બહાર આવતા જ નવજોત સિંહ સિદ્ધુને મોટી જવાબદારી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ પંજાબમાં સિદ્ધુનું મહત્વ સમજે છે. આવી સ્થિતિમાં તેમને ભૂલી શકાય તેમ નથી. પ્રિયંકાના પત્ર બાદ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે જેલમાંથી બહાર આવતા જ સિદ્ધુને મોટી જવાબદારી મળી જશે. આવતા વર્ષે ૯ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, જેમાં સિદ્ધુ મહત્વની ભૂમિકા ભજવશે. જો કે કોંગ્રેસના ઘણા નેતાઓએ આ પત્રની પુષ્ટિ કરી, પરંતુ તેમાં શું લખ્યું છે તે કોઈએ જણાવ્યું નથી. કેમ જેલમાં છે સિદ્ધુ? તે જાણો...આ કેસ ત્રણ દાયકા જૂનો છે. ૨૭ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ સિદ્ધુ તેના મિત્ર રૂપિન્દર સિંહ સંધુ સાથે પટિયાલાના શેરાવલે ગેટ માર્કેટ જઈ રહ્યા હતા. આ એ સમય હતો જ્યારે સિદ્ધુ દેશના જાણીતા ક્રિકેટરોમાંના એક હતા. તે દિવસે કાર પાર્ક કરતી વખતે તેમનો વૃદ્ધ ગુરનામ સિંહ સાથે ઝઘડો થયો હતો. એવો આરોપ છે કે સિદ્ધુએ તેમને ઘૂંટણથી મારીને પાડી દીધા હતા. જે બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ હાર્ટ એટેકથી તેમનું મૃત્યુ થયું હતું. ગુરનામના પરિવારે આ ઘટના માટે સિદ્ધુને જવાબદાર ગણાવ્યા હતા. મામલો કોર્ટમાં પહોંચ્યો અને મે ૨૦૨૨માં તેને એક વર્ષની સજા ફટકારવામાં આવી. તમને જણાવી દઈએ કે સિદ્ધુ પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા પંજાબ પીસીસીના ચીફ હતા, પરંતુ આંતરિક મતભેદને કારણે તેમણે ચૂંટણી પહેલા રાજીનામું આપી દીધું હતું. જોકે, બાદમાં હાઈકમાન્ડે તેમને સમજાવ્યા અને તેઓ રાજી થયા. આ પછી તેઓ અમૃતસર પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા, પરંતુ તેઓ આમ આદમી પાર્ટીના જીવન જ્યોત કૌર દ્વારા હાર્યા હતા.

ઈમામોને વેતન ચૂકવવાનો સુપ્રીમનો ચુકાદો બંધારણનો ભંગ : કેન્દ્રીય માહિતી પંચ

મસ્જિદોના ઈમામોને વેતન ચૂકવવાની મંજૂરી આપતો સુપ્રીમ કોર્ટનો ૧૯૯૩નો ચુકાદો બંધારણનો ભંગ છે અને તેને કારણે સમાજિક વિસંવાદિતતામાં વધારો થયો હોવાનું કેન્દ્રીય માહિતી પંચ (સીઆઈસી)એ જણાવ્યું છે. પંચના જણાવ્યાં અનુસાર સુપ્રીમ કોર્ટના આ ચુકાદાએ ખોટું ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે અને તેના કારણે બિનજરૂરી રાજકીય વિવાદ પણ સર્જાઈ રહ્યાં છે. દિલ્હી સરકાર અને દિલ્હી વકફ બોર્ડ દ્વારા ઈમામોને અપાતા વેતનની માહિતી માગતી એક જાહેર હિતની અરજી (પીઆઈએલ)ની સુનાવણી દરમિયાન મુખ્ય માહિતી કમિશનર ઉદય માહુરકરે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો બંધારણીય જોગવાઈઓનો ભંગ કરે છે. કરદાતાઓના નાણાં કોઈ એક ચોક્કસ ધર્મની તરફેણ માટે ના વપરાવા જોઈએ. ૧૯૯૩માં ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનની અરજી પર સુપ્રીમ કોર્ટે વકફ બોર્ડને તેના દ્વારા સંચાલિત મસ્જિદોમાં ઈમામોને મહેનતાણું આપવાનો આદેશ કર્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની તિજોરીમાંથી અપાતા માસિક વેતન તથા અન્ય મામલાઓમાં તમામ ધર્મના પૂજારીઓને એક સમાન સ્તરે લાવવા માટે બંધારણની કલમ ૨૫થી ૨૮ની જોગવાઈઓનો અમલ સુનિશ્ચિત થાય તે માટે આવશ્યક પગલાં લેવા માટે મુખ્ય માહિતી કમિશનરે તેમના આદેશની એક નકલ કેન્દ્રીય કાયદા પ્રધાનને મોકલવાનો નિર્દેશ આપ્યો હતો. માહુરકરે વધુમાં જણાવ્યું હતું કે ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશન' વિરુદ્ધ ભારત સરકાર અને અન્યોના કેસમાં ૧૩ મે, ૧૯૯૩ના રોજના સુપ્રીમ કોર્ટના ચુકાદાએ માત્ર મસ્જિદના ઈમામો અને બાંગીઓ માટે સરકારી તિજોરીમાંથી વિશેષ નાણાકીય લાભોના દ્વાર ખુલ્લા મુક્યા હતાં. પંચે એવુ પણ અવલોકન કર્યું હતું કે દેશની સર્વોચ્ચ અદાલતે આ આદેશ પસાર કરી બંધારણની જોગવાઈઓનો, અને ખાસ કરીને કલમ ૨૭નો કર્યો છે. બંધારણની કલમ ૨૭માં કહેવામાં આવ્યું છે કે કરદાતાઓના નાણાંનો ઉપયોગ કોઈ ચોક્કસ ધર્મની તરફેણ કરવા માટે કરવામાં નહીં આવે. મુખ્ય માહિતી અધિકારીએ જણાવ્યું હતું કે દિલ્હી વકફ બોર્ડ (ડીડબ્લ્યુબી) ને દિલ્હી સરકાર તરફથી વાર્ષિક આશરે રૂ.૬૨ કરોડની ગ્રાન્ટ મળે છે જ્યારે સ્વતંત્ર સ્રોતોથી તેની પોતાની માસિક આવક માત્ર રૂ. ૩૦ લાખની આસપાસ છે.

સુરતમાં રાંદેરમાં વૃદ્ધાને માર મારી સોનાની ચેઈન લૂંટનાર ૨ ને ઝડપ્યા

સુરત, હીરાના કારખાનેદાર અને મિત્રની પાસે બાઇક દવાખાને જવાનું કહીને લઈ જઈ ચેઇન સ્નેચીંગ કરતા બે રીઢા પકડાયા હતા. આ બંને ચેઇન સ્નેચરોને ક્રાઇમબ્રાંચે કતારગામ સરદાર હોસ્પિટલ પાસેથી પકડી પાડ્યા છે. બંને ચેઇન સ્નેચરો અગાઉ હીરાના કારખાનામાં નોકરી કરતા હતા. જેથી કારખાનેદારે બંનેને દવાખાને જવા બાઇક આપી હતી. બંને રીઢાચોરો છે અને ૨ વાર પાસા થયેલી છે. અગાઉ વાહનચોરી, ચેઇન સ્નેચીંગ, અપહરણ અને ચોરી જેવા ગંભીર ૧૦ ગુનાઓમાં પકડાયા હતા. રાંદેરમાં વૃદ્ધ મહિલાને માર મારી સોનાની ચેઇન લૂંટી લેવાના ગુનામાં પણ આ બંને આરોપી સામેલ હતા ઉપરાંત અડાજણ, પાલ સહિતના ૬ ગુનાઓ ઉકેલાયા છે. બંને ચેઇન સ્નેચરો પાસેથી ૪ સોનાની ચેઇન, બે ચોરીના બાઇક, બે મોબાઇલ મળીને ૩,૬૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. બંને ચેઇન સ્નેચરો મોટેભાગે રાંદેર, પાલ, અડાજણમાં એકલી મહિલાને ટાર્ગેટ કરતા હતા. ખુલ્લા રોડ હોવાથી ભાગવામાં પણ આસાની રહે છે. પકડાયેલામાં કૃણાલ વિઠ્ઠલ વડવાલે(૨૬)(રહે.લક્ષ્મીનગર સોસા,ચોકબજાર,મૂળ. મહારાષ્ટ્ર) અને કિશન ભરત વાટુકીયા(૨૩)(રહે,વિશાલ નગર સોસા, વેડરોડ,મૂળ રહે,ધંધુકા, અમદાવાદ)એ છેલ્લા બે માસમાં ૬ સ્નેચીંગ કરી હોવાની કબૂલાત કરી છે.

પોરબંદર, જામનગર તથા મધ્ય પ્રદેશમાં થયેલ બાઈક ચોરીના આરોપીઓને કમલાબાગ પોલીસે ઝડપ્યા

પોરબંદર, પોરબંદર જિલ્લામાં ચોરીના કિસ્સામાં સતત વધારો જવા મળી રહ્યો છે. જેથી ચોરી સબંધી ગુન્હારઓ શોધી કાઢવા માટે પોરબંદર પોલીસ અધિક્ષક ડૉ.રવિ મોહન સૌનીની સુચના મુજબ કમલાબાગ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.ડી.સાળુંકેના માર્ગદર્શન હેઠળ અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા માટે સર્વલન્સ સ્કવોડના પુએસઆઈ કે.એન.ઠાકરીયા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. ત્યારે એએસઆઈ આર.પી.જાદવ તથા પો.કોન્સય.વિરેન્દ્રસીંહ પરમાર તથા દેવેન્દ્રસીંહને સંયુકત બાતમી મળેલી કે બીરલા ફેકટરી સોલ્ટના દંગા પાછળ બાવળની કાંટમાં કોઇ માણસો ચોરી કરેલી બાઈકોની હેરફેર કરી સંતાડેલી છે. જે હકીકતના આધારે તે જગ્યાએ તપાસ કરતા પાંચ બાઈક સાથે બે ઈસમો મળી આવ્યા હતા.

આજનું રાશિફળ

મેષ-વધુ પડતી કેલેરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે. તમારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે તથા તમારો વિકાસ સ્પષ્ટ છે. ઘર ની બહાર જઇ ને, આજે તમારે ખુલ્લી હવા માં ફરવું ગમશે. આજે તમારું મન શાંત રહેશે, જે તમને દિવસભર ફાયદો કરાવશે.

વૃષભ-દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. મહિલાઓ તમારી સફળતામાં મોટી ભૂમિકા ભજવશે-પછી ભલેને તમે ગમે તે ક્ષેત્રમાં હો. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો. આંખો બધું જ કહે છે, અને તમે આજે તમારા જીવનસાથી સાથે આંખોમાં આંખો પરોવી લાગણીસભર વાતચીત કરવાના છો.

મિથુન-ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો તથા કામમાં તમારી દૃઢતા અને કટિબદ્ધતા દેખાડશો તો. આજે તમે બધા કામો ને મૂકી તે કામ કરવાનું પસંદ કરશો જે તમે નાનપણ ના દિવસો માં કરતા હતા. આજનો દિવસ તમારા જીવનની વસંત સમાન છે,

કર્ક-વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. નાના અંતરાયો સાથે-આજનો દિવસ મોટી સિદ્ધિઓનો લાગે છે- એવા સહકર્મચારીઓ પર ધ્યાન આપજો જેમને જે જોઈએ છે તે નહીં મળે તો તેઓ પોતાની મુનસફી પ્રમાણે વર્તવાની ટેવ ધરાવતા હોય. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો.

સિંહ-દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો. આ બાબત તમારા આત્મવિશ્વાસને દૃઢ બનાવવામાંઅત્યંત મદદરૂપ થઈ શકે છે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. નાના અંતરાયો સાથે-આજનો દિવસ મોટી સિદ્ધિઓનો લાગે છે- એવા સહકર્મચારીઓ પર ધ્યાન આપજો જેમને જે જોઈએ છે તે નહીં મળે તો તેઓ પોતાની મુનસફી પ્રમાણે વર્તવાની ટેવ ધરાવતા હોય.

કન્યા-લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે. ટીવી, મોબાઈલ નો ઉપયોગ ખોટો નથી, પરંતુ તેનો ઉપયોગ કરતાં વધારે ઉપયોગ કરવો તમારો જરૂરી સમય બગાડી શકે છે. શું તમે જાણો છો, તમારા જીવનસાથી તમારી માટે ખરો દેવદૂત છે, અમારી વાત પર વિશ્વાસ નથી? આજે નિરીક્ષણ કરી તેનો જાતઅનુભવ કરો.

તુલા-વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. કામના સ્થળે વખાણ થાય એવી શક્યતા છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો.

વૃશ્ચિક-સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે. આજે જીવનસાથી સાથે સમય પસાર કરવા માટે તમારી પાસે પર્યાપ્ત સમય હશે.

ધન-તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી. તમારી કારકિર્દીની શક્યતાઓને વધારવા માટે તમારી વ્યાવસાયિક શક્તિનો ઉપયોગ કરો. તમારી પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં તમને અમર્યાદિત સફળતા મળવાની શક્યતા છે. પરિસ્થિતિ તમારા વશમાં કરવા તમારૂં બધું કૌવત કામે લગાડો. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઇમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

મકર-તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે રૉમાન?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. તમારા દેખાવ અને વ્યક્તિત્વને નીખારવા કરેલા પ્રયત્નો તમારા સંતોષ મુજબનું પરિણામ આપશે.

કુંભ-તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. આજનો દિવસ તમારી માટે અનુકૂળ છે, કામમાં તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરો.

મીન-હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો. દિવસ સરસ છે, આજે તમારા માટે સમય કાઢો અને તમારી ખામીઓ અને ખૂબીઓ જુઓ. આ તમારા વ્યક્તિત્વ માં સકારાત્મક પરિવર્તન લાવશે. લગ્નજીવન પોતાની સાથે અનેક ફાયદા પણ લાવે છે, અને આજે તમે તે બધાનો જ અનુભવ કરશો.

૩૦ વર્ષ પહેલાં ભ્રૂણને કરવામાં આવ્યો હતો ફ્રોજન, હવે જન્મ્યા જુડવા બાળકો!.

વોશિંગ્ટન, આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં અમેરિકાના ટેનેસી રાજ્યમાં ભ્રૂણને ફ્રોજન (કડિહ) કરવામાં આવ્યો હતો. હવે તે ભ્રૂણ વડે જુડવા બાળકો પેદા થયા છે. આટલા લાંબા સમય સુધી કોઈ ભ્રૂણને ફ્રોજન (કડિહ)કરી રાખવો અને પછી તેને સફળતાપૂર્વક બાળકોને જન્મનો એક નવો રેકોર્ડ છે. ભ્રૂણને ૨૨ એપ્રિલ ૧૯૯૨ ને લગભગ ૧૨૮ ડિગ્રી સેંટીગ્રેડ એટલે કે ૨૦૦ ફેરનહાઇટ પર લિક્વિડ નાઇટ્રોજનમાં રાખવામાં આવ્યો હતો. બીબીસીના એક રિપોર્ટના અનુસાર ચાર બાળકોની માતા રેશેલ રિઝવેએ ૩૧ ઓક્ટોબરને જુડવાને જન્મ આપ્યો. તેના પિતા ફિલિપ રિજવે આ સમાચારથી ખાસ ઉત્સાહિત હતા. તેમણે તેને 'માઇન્ડ બ્લોઇંગ' કહ્યું. રાષ્ટ્રીય ભ્રૂણ દાન કેન્દ્ર (એનઈડીસી) ના અનુસાર લિડિયા એન અને ટિમોથી રોનાલ્ડ રિજવેએ એક નવો રેકોર્ડ સ્થાપ્યો કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે એક ખાનગી આસ્થા આધારિત સંગઠન છે.

આ પહેલાં વર્ષ ૨૦૨૦ માં આવા જ એક ફ્રોજન ભ્રૂણથી ૨૭ વર્ષ બાદ બાળકને જન્મ આપ્યો હતો. રાષ્ટ્રીય ભ્રૂણ દાન કેન્દ્ર (એનઈડીસી) જે એક ખાનગી આસ્થા આધારિત સંગઠન છે. તેમના અનુસાર લિડિયા એન અને ટિમોથી રોનાલ્ડ રિજવેએ એક નવો રેકોર્ડ સ્થાપ્યો છે. આ પહેલાં ૨૦૨૦ માં એવા જ ફ્રોજન થયેલા ભ્રૂણ વડે ૨૭ વર્ષ બાદ બાળકનો જન્મ થયો હતો.

તેના માટે એક અજ્ઞાત પરણિત કપલ માટે આઇવીએફનો ઉપયોગ કરીને આ જુડવા ભ્રૂણ તૈયાર કરવામાં આવ્યો હતો. પરણિત કપલમાં પુરૂષની ઉમર લગભગ ૫૦ હતી. તેમણે તેને અમેરિકાના પશ્ચિમી તટીય એક ફર્ટિલિટી લેબમાં ૨૦૦૭ સુધી રાખવામાં આવ્યો હતો પછી આ કપલે તેને નોક્સવિલેમાં એનઈડીસીને દાન આપ્યું જેથી બીજું કપલ તેનો ઉપયોગ કરી શકે. આ સફળતા બાદ એનઈડીસીને આશા છે કે બીજા લોકો પણ ભ્રૂણને દત્તક લેવા માટે પ્રોત્સાહિત હશે. એક નિવેદનમાં એનઈડીસીએ કહ્યું કે તેને આશા છે કે આ સમાચાર બીજાને ભ્રૂણ દત્તક લેવા માટે પ્રોત્સાહિત કરશે.

બાળકી પૂંછડી સાથે જન્મી, ડોક્ટરોએ કર્યો આ નિર્ણય અને પછી..

મેક્સિકો, ક્યારેક ક્યારેક એ પણ જોવામાં આવે છે કે જ્યારે નવું બાળક પેદા થાય છે તો તેના શરીરમાં ઘણા પ્રકારની અલગ વસ્તુઓ જોવા મળે છે. એવું પણ થાય છે કે તેમના શરીરમાં કેટલાક વધારાના અંગ પણ નિકળી આવે છે. એવો જ એક મામલો સામે આવ્યો છે જ્યાં એક બાળકીને પેદા થતાં જ જોવા મળ્યો તેની પીઠ નીચે એક લાંબી પૂંછડી જોવા મળી હતી. આ પૂંછડીની લંબાઇ છ સેમી હતી. જોકે ડેલી મેલના એક રિપોર્ટ અનુસાર આ ઘટના મેક્સિકોની હોસ્પિટલની છે. આ બધુ ત્યારે થયું જ્યારે થોડા અઠવાડિયા પહેલાં એક મહિલાએ એક બાળકીને જન્મ આપ્યો હતો. આ બાળકી લગભગ ૬ સેંટીમીટર પૂંછડી સાથે જન્મી હતી. પહેલાં તો તેને જોયા બાદ ડોક્ટર્સ પણ આશ્ચર્યમાં પડી ગયા પરંતુ પછી તેમણે તેના માટે સારી રીત નિકાળવામાં આવી. રિપોર્ટ અનુસાર બાળકીની પીઠની નીચે નિકળેલી આ પૂંછની લંબાઇ ૫.૭ સેંટીમીટર હતી અને વ્યા ૩. થી ૫ મીમી વચ્ચે હતો. પૂંછ પર આછા વાળ પણ હતા અને તેને છેડો ગલગોટાના ફૂલ જેવો ગોળ હતો. આ કેસને લઈને રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે પ્રેગ્નેંસી દરમિયાન બાળકીની માતાને કોઇપણ સમસ્યા થઇ નથી. પરંતુ આ ઘટના બાદ બાળકીના માતા-પિતા ગભરાઇ ગયા હતા. ડોક્ટરોની ટીમે નિર્ણય લીધો કે આ પૂંછડીને અત્યારે જ ઓપરેશન દ્વારા હટાવી દેવામાં આવે.

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

જાહેર નોટિસ

ફેડરલ બેંક લીમીટેડ, સીગ્મા- ૨, મેડીલીન્ક હોસ્પિટલ સામે, સેટેલાઇટ, અમદાવાદ. ટેલીફોન નં.: ૦૭૯-૨૬૭૫૦૬૯૧

ગોલ્ડ હરાજી

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ખાતાધારકોને સૂચના આપવામાં આવે છઠે કે નીચે દર્શાવેલ ખાતા/ઓમાં ગીરવે રાખેલા સોનાના દાગીનાની ઈ-ઓકશન ફેડરલ બેંક લિમિટેડ દ્વારા ૧૪/૧૨/૨૦૨૨ના રોજ ઓનલાઇન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે, **https://gold.samil.in** પર રસ ધરાવતા ખરીદદારો હરાજી પોર્ટલ પર લોગ ઈન કરી શકે છે અથવા વધુ માહિતી માટે ૦૭૯-૨૬૭૫૦૬૯૧ પર બેંકનો સંપર્ક કરી શકે છે. જો ઉપર દર્શાવેલ તારીખે કોઈ પણ કારણસર ઈ- ઓકશન સાકાર ન થાય તો, ગીરવે મૂકેલા આભૂષણોની કોઈપણ અથવા બધી વસ્તુઓના સંદર્ભમાં,બેંક આગળની કોઈપણ તારીખ/ઓ પર કોઈપણ સૂચના વિના વસ્તુઓનું ખાનગી વેચાણ હાથ ધરશે.

શાખાનું નામ	લોન એકાઉન્ટ નંબર
અમદાવાદ સેટેલાઇટ	18006100188017
અમદાવાદ સેટેલાઇટ	18006100182739
અમદાવાદ સેટેલાઇટ	18006100182531
અમદાવાદ સેટેલાઇટ	18006100183034
અમદાવાદ સેટેલાઇટ	18006400007255
અમદાવાદ સેટેલાઇટ	18006400005630
અમદાવાદ સેટેલાઇટ	18006100188470
અમદાવાદ સેટેલાઇટ	18006800000082
અમદાવાદ સેટેલાઇટ	18006800000389
અમદાવાદ સેટેલાઇટ	18006100180048
અમદાવાદ સેટેલાઇટ	18006800000264

જેલમાં જલસાનો વધુ એક વીડિયો વાયરલ, આમ આદમીના નેતા જેલમાં છે કે ગેસ્ટહાઉસમાં?

AAPના જ દિલ્હી સરકારના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનનો વધુ એક વીડિયો વાયરલ

નવીદિલ્હી, એક તરફ ગુજરાત વિધાનસભા ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી અને તેના સંયોજક કેજરીવાલ જોરશોરથી સોશિયલ મીડિયામાં પ્રચાર પ્રસાર કરી રહ્યાં છે. પણ બીજી તરફ છછૅ ના જ દિલ્હી સરકારના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનનો જેલમાં જલસાનો એક બાદ એક વીડિયો સામે આવી રહ્યો છે. જે હવે ગુજરાતની ચૂંટણી ટાણે કેજરીવાલના સોશિયલ મીડિયા અભિયાનને ભારે પડી રહ્યો છે. ફરી એકવાર આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હી સરકારના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન જેલમાં કઈ રીતે જલસા કરે છે તેનો નવો વીડિયો વાયરલ થયો છે. ત્યારે સોશિયલ મીડિયા પર પણ એ સવાલ ઉઠી રહ્યાં છેકે, સત્યેન્દ્ર જૈન જેલમાં છેકે, ગેસ્ટ હાઉસમાં? બીજી તરફ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (સ્ઝઙ્ઘ)ની ચૂંટણીઓ વચ્ચે ભાજપ અને કોંગ્રેસ દિલ્હી સરકારને ઘેરવામાં વ્યસ્ત છે. દરમિયાન, રવિવારે દિલ્હીની તિહાર જેલમાં બંધ અરવિંદ કેજરીવાલ સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનનો વધુ એક સીસીટીવી વીડિયો સામે આવ્યો છે, જેમાં જેલના કર્મચારીઓ દિલ્હીના મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા સત્યેન્દ્ર જૈનના સેલની સફાઈ કરતા જોવા મળી રહ્યા છે. તે જ સમયે, સત્યેન્દ્ર જૈન તેમના સેલમાં કેટલાક લોકો સાથે વાત કરતા જોવા મળે છે. મની લોન્ડરિંગ કેસમાં જેલમાં બંધ દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનના CCTV વીડિયો આમ આદમી પાર્ટીને અસહજ કરી રહ્યા છે. ગઈકાલે પણ એક વીડિયો બહાર આવ્યો હતો, જે ૧૨ સપ્ટેમ્બરનો છે. આમાં જૈન સેલમાં જેલ નંબર સાતના તત્કાલીન સુપરિન્ટેન્ડેન્ટ અજીત કુમાર સાથે વાત કરતા જોવા મળે છે. ૧૪ નવેમ્બરે અજીત કુમારને દિલ્હી સરકારના ગૃહ વિભાગે સસ્પેન્ડ કરી દીધા હતા. આરોપ છે કે જેલ નંબર સાતમાં કેદીઓને ગેરકાયદે સુવિધાઓ પૂરી પાડવામાં આવતી હતી. આ મામલે જેલ સુપ્રિટેન્ડેન્ટની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. ૧૯ નવેમ્બરે સત્યેન્દ્ર જૈન સેલમાં મસાજ કરાવતા હોવાનો વીડિયો સામે આવ્યો હતો. જાણીને અચરજ થશે કે સત્યેન્દ્ર જૈનને માલિશ કરનાર કેદી પર તેની જ સગીર પુત્રી પર દુષ્કર્મ કરવાનો આરોપ છે. જેના પર ભાજપના નેતાઓએ આમ આદમી પાર્ટીને ભીંસમાં લીધી હતી. આ પછી, ૨૩ નવેમ્બરના રોજ, સેલમાં જૈનનો ભોજન કરતો વીડિયો પ્રસારિત થયો. જેમાં જૈનોએ પોલીથીનમાં ભોજન કર્યું હતું. ભાજપના નેતાઓએ જૈનોને જેલમાં ઘર જેવી સુવિધા આપવા સહિત અન્ય અનેક આરોપો લગાવ્યા હતા.

સૂતા વ્યક્તિને જ્યારે 'ભૂત' સાથે થયો સામનો, સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે વીડિયો..

નવીદિલ્હી, સોશિયલ મીડિયા પર હાલમાં વધુમાં વધુ વ્યૂઝ અને લોકપ્રિયતા પ્રાપ્ત કરવા માટે લોકો અલગ-અલગ પ્રકારના વીડિયો બનાવે છે. વીડિયો બનાવનારનો ફક્ત એક જ પ્રયત્ન હોય છે કે કોઇ એવો વીડિયો બનાવવામાં આવે જેને વારંવાર જુએ અને વધુમાં વધુ શેર કરે. હાલમાં સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ થઇ રહ્યો છે જેમાં એક વ્યક્તિ ભૂત બનીને બીજા વ્યક્તિને ડરાવે છે. આ વાયરલ વીડિયોમાં એક વ્યક્તિ રિક્ષા પર સૂઇ રહ્યો છે ત્યારે ત્યં એક બીજો વ્યક્તિ આવે છે જેના મોંઢા પર ડરામણું માસ્ક લગાવેલું છે. ડરામણું માસ્ક પહેરી આ વ્યક્તિ સૂઇ રહેલા વ્યક્તિની ચાદર ખેંચવા લાગે છે પરંતુ આ દરમિયાન તેની આંખ ખુલી જાય છે. પોતાની સામે એક ભૂત જેવો વ્યક્તિ જોઇને રિક્શા પર સૂઇ રહેલો વ્યક્તિ ડરી જાય છે.

ICICI Home Finance | કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત
બ્રાન્ચ ઓફિસ : ૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા- ૩૮૪૦૦૨

(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઇઓ

સ્થાવર મિલકતની વેચાણ નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઇઝએશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ

આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે જેનો **ભૌતિક કબ્જો** સિક્યોર્ડ ક્રેડિએટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ સંક્ષિપ્ત વિગત મુજબ, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ /	કઈ પણ જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત	બકાયા રકમ	આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ	મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧.	રામજીભાઈ કે કણબી(કરજદાર) શોભનાબેન રામજીભાઈ કણબી(સહ કરજદાર) લોન એકાઉન્ટ નં. - LHRAJ00001298243	પ્લોટ નં. ૮, સ્વામિનારાયણ મંદિર પાસે, ગઢડા રોડ, ઉગામેડી , બોટાદ- ૩૬૪૭૧૦.	રૂા. ૨૦,૨૨,૦૫૬/- ૨૫ નવે, ૨૦૨૨	રૂા. ૨૧,૧૪,૪૯૦/- / રૂા. ૨,૧૧,૪૪૯/-	૨૭ડિસે. ૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી.	૩૦ ડિસે.,૨૦૨૨ બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦ કલાક સુધી.

આ ઓનલાઈન હરાજી વેબસાઈટ (URL Link - -https://sarfaesi.auctiontiger.net/EPROC) પર અમારી ઑક્શન એજેન્સી ઑક્શન ટીગર દ્વારા હાથ ધરવામાં આવશે. ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી ૨૯ ડિસે., ૨૦૨૨ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .
સંભવિત બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ કોલમ ઈ માં આપેલ રકમ સબમિટ કરવું પડશે જે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ખાતે, **પહેલો માળ,શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઇટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા**- ૩૮૪૦૦૨ અથવા ૨૯ ડિસે., ૨૦૨૨ના રોજ સાંજે ૦૪:૦૦ પહેલાં અથવા અથવા ૨૯ ડિસે., ૨૦૨૨ના રોજ સાંજે ૦૫:૦૦ તે પહેલાં. કૃપયા નોંધ કરો, સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, **પહેલો માળ,શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઇટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા**- ૩૮૪૦૦૨ પર સબમિટ કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડ તરફેણનો બોટાદ ખાતે નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.
કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક **આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડનો નંબર ૭૦૨૧૦૭૨૮૯૯** પર સંપર્ક કરવો.
સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે . માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઇટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.

તારીખ: ૩૦ નવેમ્બર, ૨૦૨૨
સ્થળ: બોટાદ.

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ